# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૧૦-૦૫-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## <u>લોકસભા ચુંટણી :</u>

લોકસભાના ચોથા અને આગામી તબક્કાઓ માટે પૂર જોશમાં પ્રચાર થઈ રહ્યો છે.આ તબક્કામાં દસ રાજ્યો અને એક કેન્દ્ર શાસિત પ્રદેશની કુલ મળીને 96 બેઠકો માટે 13 મેના રોજ મતદાન થશે.આ તબક્કામાં 1 હજાર,717 ઉમેદવારો મેદાનમાં છે.

લોકસભા ચૂંટણી પ્રચાર માટે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેલંગાણા,ઓડિશા અને મહારાષ્ટ્રની મુલાકાતે છે.તો રાહુલ ગાંધી,અખિલેશ યાદવ સાથે મળીને ઉત્તર પ્રદેશમાં ચૂંટણી સભાઓ કરી રહ્યા છે.

**RNU અમદાવાદ**

---

## <u>મધ્ય પ્રદેશ-બેતુલ ફેરમતદાન :</u>

મધ્ય પ્રદેશની બેતુલ લોકસભા બેઠકના ચાર કેન્દ્રો પર પુનઃ મતદાન થઈ રહ્યું છે. સવારે સાત વાગ્યાથી શરૂ થયેલું મતદાન સાંજે છ વાગ્યા સુધી ચાલશે.

અત્રે ઉલ્લેખનીય છે કે,બેતુલમાં ત્રીજા તબક્કાના રોજ 7 મેના મતદાન થયું હતું.EVM લઈ જતી એક બસમાં આગ લાગતા આ કેન્દ્ર પર પુનઃમતદાન કરાઈ રહ્યું છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------

## ઉપરાષ્ટ્રપતિ-અયોધ્યા મુલાકાત :

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે અયોધ્યાની મુલાકાતે છે. તેઓ રામલલાના દર્શન અને પૂજા અર્ચના કર્યા. અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા બાદ આ તેમનો પહેલો અયોધ્યા પ્રવાસ છે.તેઓ રામલલા મંદિર,હનુમાન ગઢી,કુબેર ટીલા જશે, અને સરયૂ ઘાટ પર આરતીમાં હાજરી આપશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------

## સંતરામપુર-ફેરમતદાન :

મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં આવેલા દાહોદ લોકસભા સમાવિષ્ટ પરથમપૂર મતદાન મથકે લાઈવ બૂથ કેપ્ચરિંગ મામલો ને કારણે ચૂંટણી પંચ દ્વારા લેવાયેલ નિર્ણય મુજબ આવતીકાલે 11 તારીખે ફરીથી સવારે 7 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી મતદાન યોજાશે. જેને લઈ મહીસાગર જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા પોલીસ તંત્ર સજ્જ બન્યું છે.

**NP-જાગૃતિ વકીલ**

-----------------------------------------------------------------------------------------

## અખાત્રીજ :

આજે અખાત્રીજ એટલે કોઇપણ શુભકાર્ય કરવા માટે આજનો સંપૂર્ણ દિવસ શ્રેષ્ઠ છે.બજારોમાં સોના-ચાંદીની ખરીદી અને લગ્નપ્રસંગો યોજાઇ રહ્યા છે.આજથી ખેડૂતો કૃષિના સાધનોની પૂજા કરીને નવા વર્ષનો આંરંભ કરે છે.

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અક્ષય તૃતીયાના અવસર પર દેશવાસીઓને શુભેચ્છા પાઠવતા એક સોશિયલ મીડિયા પોસ્ટમાં આશા વ્યક્ત કરી કે આ શુભ**

**અવસર લોકોને દાન માટે પ્રોત્સાહિત કરશે, દરેકના જીવનમાં નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર કરશે.**

રાજ્યભરમાં અખાત્રીજની સાથે પરશુરામ જયંતિની પણ ઉજવણી થઇ રહી છે.વિવિધ જીલ્લાઓમાં ભગવાન પરશુરામની જયંતિની ઉજવણીના ભાગરૂપે શોભાયાત્રા યોજાઇ રહી છે.આજે પરશુરામ જયંતી નિમિતે ગાંધીધામ ખાતે સવારે તો ભુજ અને મુન્દ્રા ખાતે સાંજે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શોભાયાત્રાનું આયોજન છે.કચ્છના નખત્રાણા અને રાપર તાલુકામાં આજે સમૂહ લગ્નોત્સવ યોજાયા છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## ભુજ-ગમતીલું ગરવું ગુજરાત :

ગુજરાત સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી અને ભુજની કલા સંસ્થા સાંનિધ્યના ઉપક્રમે ગુજરાતના સ્થાપનાદિનના ઉપલક્ષમાં આજે અખાત્રીજે ગુજરાતી ગીતોનો કાર્યક્રમ `ગમતીલુ ગરવું ગુજરાત' ભુજ ખાતે યોજાશે.જેમાં ભુજના જાણીતા સુગમ સંગીતના કલાકારો ભારતેન્દુ માંકડ, પ્રગતિ વોરા,ઉદ્દિશ વોરા,હરમન ઝાલા દ્વારા ગુજરાતના ગૌરવ સમા ગુજરાતી ગીતોનો સુગમ સંગીતનો કાર્યક્રમ યોજાશે.જેનો લાભ લેવા આયોજકો દ્વારા આમ જનતાને આમંત્રણ અપાયું છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## આઈપીએલ :

IPL ક્રિકેટમાં આજે સાંજે ૭:30 વાગ્યે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે.

**RNU અમદાવાદ**

---

## રિજ્યોનલ સાયન્સ સેન્ટર ભુજ-૧૧ મે ઉજવણી :

ભુજના રિજ્યોનલ સાયન્સ સેન્ટર ખાતે આવતીકાલે ૧૧ મે વિશ્વ બોનસાઇ દિવસની ઉજવણી અંતર્ગત બોનસાઇ વિશે વર્કશોપ યોજાશે.તેમજ આવતીકાલે નેશનલ ટેકનોલોજી ડે નિમિતે નેનો ટેકનોલોજી ટુડે અને ટુમોરો પર સેમીનાર ઉપરાંત રોબોટિક અને ડ્રોન ટેકનોલોજીનું ડેમોસ્ટ્રેશન તથા લાઇવ સ્કેચ સ્પર્ધા યોજાશે.

**NP-જાગૃતિ વકીલ**

---

## હવામાન :

રાજ્યમાં કાળઝાળ ગરમી લોકોના અંગ દઝાડી રહી છે અને બીમારીનું કારણ પણ બની રહી છે.તેવામાં હવામાન વિભાગે આજથી સાત દિવસ સુધી ગુજરાતના વિવિધ જિલ્લામાં છૂટાછવાયા વરસાદની શક્યતાઓ વ્યક્ત કરી છે.આ સાથે જ આજથી ત્રણ દિવસ બાદ મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના પ્રદેશ ઉપરાંત સૌરાષ્ટ્ર-કચ્છમાં મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી ઘટાડાની સંભાવના રહેલી છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## શાળા પ્રવેશોત્સવ :

રાજ્યમાં આગામી શૈક્ષણિક સત્ર ૧૩ જુનથી શરૂ થશે.ત્યારે સમગ્ર રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં બે તબક્કામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ

યોજાશે.શાળાઓમાં વધુમાં વધુ બાળકોનું નામાંકન થાય તેવા પ્રયાસ કરવા શિક્ષણ વિભાગ સજ્જ છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## <u>નર્સીસ વીક-ગાંધીધામ :</u>

સમગ્ર વિશ્વમાં 6 મે થી 12મે ને નર્સિંસ વીક તરીકે ઉજવવામાં આવે છે.તેના ભાગ રૂપે દર વરસે કચ્છની ગાંધીધામ ખાતે નિર્મલા ગજવાની સ્કુલ ઓફ નર્સિંગમાં પણ નર્સીસ વીકની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.આ સમગ્ર અઠવાડિયા દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં કોલેજ ની દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.

**NP-જાગૃતિ વકીલ**

---